| | |
|---|---|
| NAVSARI AGRICULTURAL UNIVERSITY | **હિસાબ નિયામકશ્રીની કચેરી**<br>**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬ ૪૫૦** |

# –:: પરિપત્ર ::–

**વિષયઃ– કોમન પગારબીલની ચર્ચા બાબત.**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના પગારબીલો હાલમાં જે તે કચેરીઓ દ્વારા કચેરી દિઠ અલગ–અલગ પગારબીલ બનાવીને અત્રે રજુ કરે છે, જેમાં સ્ટેશનરીનો ખર્ચ, બીલો પાસ કરાવવા રૂબરુ અત્રે આવતા મુસાફરી ભથ્થાનો ખર્ચ તેમજ બીલ ચેક કરવામાં માનવબળનો વ્યય અને રેકર્ડ સાચવણીમાં પણ ખુબજ મુશ્કેલીઓ સર્જાય છે તેમજ કર્મચારીઓને સમયસર પગાર મેળવવામાં પણ વિસંગતતાઓ ઉભી થાય છે આવા કારણોસર યુનિવર્સિટીની તમામ પ્રકારની યોજનાઓમાં ફરજ બજાવતા અધિકારી કર્મચારીઓનું કોમન પગારબીલ જે તે કચેરીના ફેરફારની વિગત મેળવીને એક જ જગ્યાએથી એક જ બીલ બનાવીને ચૂકવણું કરવાનું આયોજન માર્ચ પેઈડ ઈન એપ્રિલ–૨૧ ના માસથી વિચારેલ છે. જેના સુચારૂ અમલીકરણ માટે નીચેના મુદ્દાઓ બાબતે ચર્ચા કરવા **તા.૧૬/૦૩/૨૦૨૧ ના રોજ ૧૪:૩૦ કલાકે** ઓન લાઈન મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં જોડાવવા માટેની link હવે પછી આપની કચેરીના ઈ–મેઈલ ઉપર મોકલી આપવામાં આવશે. જેથી તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તથા પગારબીલ સંભાળતા હોય તે કર્મચારીને સદરહું મીટીંગમાં જોડાવવા જણાવવામાં આવે છે.

➢ **મુદ્દાઓઃ–**

૧. જે તે માસના પગારબીલમાં કરવાના થતા ફેરફારો માટેની આખરી તારીખ (કટ ઓફ ડેઈટ) બાબત.

૨. જે તે માસના પગારબીલ પાસ થયા પછી ચુકવવાના થતા જુદી–જુદી કપાતના શિડયુલો ડાઉનલોડકરવા બાબત.

૩. જે તે માસના પગારબીલમાંથી કપાત કરેલ રકમના ચુકવણા કરવા બાબત.

૪. અન્ય મુદ્દાઓ અંગેની ચર્ચા

**હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/વહટ/ ૨૧૩૩ /૨૦૨૧
નવસારી, તા.૧૫/૦૩/૨૦૨૧

**નકલ જય ભારત સાથ રવાનાઃ–**

(૧) આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના વડાશ્રીઓ.
(૨) આ યુનિવર્સિટીના તમામ કે.વિ.કે.ના અધિકારીશ્રીઓ.
(૩) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.